# વિજયનગરનો પોળો ઉત્સવ ભુલાયો, ફરી પોળો ઉત્સવ શરૂ થાય તો દેશ-વિદેશના સહેલાણીઓ આવે

## એકબીજા સામે બાંયો ચડાવતાં નેતાઓ પોળો ઉત્સવ અંગે સાથે બેસી સરકારમાં રજુઆત કરે

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર પોળો જંગલમાં ૧૨ થી ૧૫માં સૈકાની



ઐતિહાસિક પોળો, શિવાલયો અને જૈન દેરાસરો પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યા પછી પોળોના વિકાસનાં ફૂંકાતા બણગા વચ્ચે વૈશ્વિક ઓળખ આપવાની પહેલનું બાળમરણ થયું છે. ૪ વર્ષથી પોળો ઉત્સવનું આયોજન થઈ શક્યુ નથી જેથી કચ્છના ઘોરડોની જેમ વિકાસનું વચન પોકળ સાબિત થયું છે. પોળોને સ્થાનિક કક્ષાએ પર્યટક સ્થળ તરીકે મહત્વ મળ્યું પરંતુ વૈશ્વિક ઓળખ માટે ટૂર ડી પોલો અંતર્ગત અગાઉ સાઈક્લોથોનનું આયોજન થયા પછી બધું જ વિસારે પડી ગયું હોય તેવું ચિત્ર ઉપસ્યુ છે.

રાજ્ય સરકાર દ્વારા તા. ૧૭ ફેબ્રુઆરી-૨૦૧૫માં પોળો ઉત્સવની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. પોળો ઉત્સવ એટલે પારંપારીક નૃત્ય, ભાતીગળ સંસ્કૃતિ અને ગુજરાતની લોક પરંપરાઓનો અનુભવ. સાબરકાંઠાના વિજયનગર તાલુકાના જંગલ વિસ્તારમાં આવેલ પોળો પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહી છે. અરવલ્લીની પર્વતમાળાઓ વચ્ચે લીલીછમ ટેકરીઓ, પ્રાકૃતિક દશ્યો તેમજ પ્રદૂષણ મુક્ત વાતાવરણ ધરાવતા આ વિસ્તારમાં પર્વત, નદી, ખળખળ વહેતાં ઝરણાં અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ સમા સ્થળે કુદરતે છુટ્ટા હાથે પ્રાકૃતિક વૈભવ વેર્યો છે જેથી પોળોના સૌંદર્યને સ્થાનિક પ્રવાસીઓ ઉપરાંત વિદેશી



પ્રવાસીઓ પણ માણી શકે તે માટે સરકારે પોળો ઉત્સવની ઉજવણીનો નિર્ધાર વ્યક્ત કરી વર્ષ-૨૦૧૫થી પોળો ખાતે ફૂડ કાફે રેસ્ટોરન્ટ શરૂ કરી વિદેશી પ્રવાસીઓને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કચ્છના પ્રવાસનધામ ઘોરડોની જેમ સેમી કાશ્મીરની ઓળખ ધરાવતા વિજયનગર પોળો વિસ્તારમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પોળો ઉત્સવનો પ્રારંભ કરાવ્યો ત્યારે સમગ્ર વિસ્તાર ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજામાં આનંદ છવાયો હતો અને વર્ષોવર્ષ પોળો ઉત્સવ ઉજવણીના કારણે સ્થાનિક રોજગારીમાં વધારો થવાના સ્વપ્ર જોવા લાગ્યા હતા પરંતુ પાટીદાર અનામત આંદોલનના કારણે આનંદીબેન પટેલને ગાદી છોડવી પડી અને એ સાથે જ પોળો ઉત્સવનું બાળમરણ થયું. ત્યારબાદ મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીની તાજપોશી પછી તેઓએ તત્કાલિન મુખ્યમંત્રીના સ્વપ્ર સમા અનેક કાર્યક્રમોને હોંશિયામાં ધકેલ્યા હોય તેવી સ્થિતિ સામે આવી. નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આનંદીબેન પટેલ સમયના પોળો ઉત્સવને ફરીથી શરૂ કરાવી આદિવાસી સંસ્કૃતિ સહિત વૈશ્વિક પ્રવાસનના ધ્યેયને આગળ ધપાવે.

### પોળોના વૈશ્વિક વિકાસમાં પ્રયત્ન છતાં અસફળતા...

વિજયનગરની પોળોમાં મહાભારતકાળના ૧૨ થી ૧૫માં સૈકાની ઐતિહાસિક ધરોહર સચવાઈ છે. જૈન દેરાસરો ઉપરાંત સદેવંત સાવડીંગાના પ્રણયની સાક્ષીનું આ સ્થળ રહ્યું છે. પોળોને વૈશ્વિક ઓળખ આપવા માટે અમદાવાદના પર્યાવરણ અને યાયાવર પક્ષીઓનું બહોળું જ્ઞાન ધરાવતા મયુરભાઈ મિસ્ત્રી, વિજયનગર રાજવી પરિવારના સ્વ. વિરેન્દ્રસિંહ રાઠોડને પોળોને વૈશ્વિક ઓળખ આપવાનો વિચાર આવ્યો હતો જેથી તત્કાલિન પરીક્ષેત્ર વન અધિકારી બાબુભાઈ સીસોદીયા, જયંતિભાઈ રાઠોડ, બી.આર. પાંડવ, ઈશ્વરભાઈ રબારી, એમ.જે. પરમાર, ડૉ. રમેશ પરમાર સહિતના વન અધિકારી ઉપરાંત સાબરકાંઠાના તત્કાલિન કલેક્ટર બી.એચ. ઘોડાસરા, એમ. થેનાનારસન, બંછાનીધી પાની તેમજ તે સમયના જિલ્લા વિકાસ અધિકારી રૂપવંતસીંઘ, નાગરાજન એમ. વગેરેએ સ્થળના વૈશ્વિક વિકાસ માટે મહત્વની ભૂમિકા નિભાવી હતી.



### જિલ્લામાં બાહોશ નેતાની ખોટ, અનેક પ્રોજેક્ટ અદ્ધરતાલ...

સાબરકાંઠા જિલ્લામાં બાહોશ નેતાની ખોટ પ્રજાને છેલ્લા ૪ વર્ષથી સતાવી રહી છે. પૂર્વ કેબિનેટ મંત્રી, વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હતા ત્યારે જિલ્લાનો વેગવંતો વિકાસ જાણીતો છે પરંતુ ગત વિધાનસભા ચૂંટણીમાં દસાડા બેઠક પર તેઓ ચૂંટણી હારી જતાં જિલ્લાની પ્રજાને અત્યારે પણ તેમની ખોટ વર્તાઈ રહી છે.

### સાબરકાંઠા તંત્ર પણ ઉદાસીન...

વિજયનગરનો પોળો ઉત્સવ આનંદીબેન સરકાર વખતે શરૂ થયાના ૪ વર્ષ પછી બંધ કરવામાં આવ્યો છે. આ અંગે જિલ્લા કલેક્ટર કચેરીના સૂત્રોનો સંપર્ક કરતાં પોળો ઉત્સવ રેકર્ડ દફતર પાસે તેની વિગતો રાખવામાં આવતી હોય છે પરંતુ છેલ્લા ૪ વર્ષથી પોળો ઉત્સવ યોજાતો નથી તેમ જણાવ્યુ હતુ.



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી રેવાભાઈ જેસીંગભાઈ પટેલ વિદ્યાલયમાં અટલ ટીંકરીગ લેબનું ઉદ્‌ઘાટન કલેક્ટર ડૉ. નરેન્દ્રકુમાર મીનાના વરદહસ્તે કરવામાં આવ્યું. ડીઈઓ સર ગાયત્રીબેન પટેલ, ડીપીઈઓ સ્મિતાબેન પટેલ તેમજ નાયબ ડીપીઈઓ સમીરભાઈ પટેલ હાજર રહ્યા હતા. મંડળના પ્રમુખ ગોરધનભાઈ પટેલ, મંત્રી રમણભાઈ પટેલ, રેવાભાઈ જેસીંગભાઈ પટેલ, સત્યમ વિદ્યાલયના ચેરમેન ભાનુભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ તેમજ ગુજરાત ખેતી બેંકના વાઈસ ચેરમેન ફળજીભાઈ પટેલ, અરવલ્લી ભાજપા પ્રમુખ રાજુભાઈ પટેલ, બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ તથા સત્યમ વિદ્યાલયના દાતાઓની હાજરીથી સમગ્ર કાર્યક્રમ જળહળી ઉઠ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અખિલ આંજણા કેળવણ મંડળની ધરોહર સમાન તેમજ સમાજના કાર્ય માટે હરહંમેશ તૈયાર રહેનાર હીરાભાઈ વકીલે કર્યુ હતુ.

# ચૂંટણી જંગ અગાઉ પરિવારોમાં ઘમસાણ

## રણેચી પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા જઈ રહેલા ભત્રીજાએ કાકાને ફટકાર્યા : મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો, સભ્ય પદે ચૂંટાય તે અગાઉ જ પોલીસ કેસ..!!

બાયડ, તા. ૪

બાયડ તાલુકાની રણેચી પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા જઈ રહેલા ભત્રીજા સાથે કાકાએ કામ હોવાથી નહીં આવવાનું જણાવતા ગીન્નાયેલા ભત્રીજાએ કાકાને ફટકારતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બાયડ પોલીસે હુમલો કરનાર વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. પંચાયતમાં સભ્યપદે ચૂંટાય તે અગાઉ જ પોલીસ કેસ નોંધાતા આ મામલો વધુ ચર્ચામાં છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રણેચી ગ્રામ પંચાયત છેલ્લી ૪ ટર્મથી સમરસ થતી આવી છે પરંતુ આ વર્ષે ગામના અન્ય યુવાને જંગમાં ઝંપલાવતાં સરપંચ પદનો ચૂંટણી જંગ રસાકસીભર્યો બનવાની સંભાવના છે. રણેચી ગ્રામ પંચાયતના વોર્ડમાં ઉભા રહેલા નટુભાઈ નાનાભાઈ (રહે. કોટવાડીયાના મુવાડા, રણેચી) ગુરૂવારે ઉમેદવારી કરવાની હોવાથી તેમના કાકા નાથાભાઈ ઘનાભાઈને મળવા માટે સવારે તેમના તબેલા ઉપર ગયા હતા અને તમને મારી સાથે ફોર્મ ભરવા આવજો તેમ કહેતાં હું ઘરે એકલો છું, સમય મળશે એટલે આવી જઈશ તેમ કહેતાં ભત્રીજો કાકા ઉપર ઉશ્કેરાઈ ગયો અને ગાળો બોલી, ગદડાપાટુનો માર માર્યો હતો. જ્યારે કાકા-ભત્રીજાને છોડાવવા વચ્ચે પડેલા શાંતાબેનને પણ ગાળો બોલી દૂધ ભરેલી બરણી છૂટી મારતાં ઈજા પહોંચી હતા. ચૂંટણીમાં ઉમેદવારી કરવા નિકળેલા સભ્ય અને કાકા જોડે થયેલી બબાલ સમગ્ર વિસ્તારમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી નટુભાઈ નાનાભાઈ વિરૂદ્ધ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં માનસિક રોગનો ઝડપથી શિકાર બનતા યુવાનો

## માનસિક યુવા રોગીઓની સંખ્યા ચિંતાજનક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં દબાતા પગે મનોરોગનો ભરડો વધતો જાય છે અને યુવા વર્ગ ઝડપથી માનસિક રોગનો શિકાર બનતો હોવાની આવનારી પેઢી માટે માનસિક રોગ પડકારરૂપ બની રહેશે તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં માનસિક રોગની હોસ્પિટલો મનારોગીઓથી ઉભરાઈ રહી છે અને તેમાંય યુવાનીમાં માનસિક રોગનો શિકાર બની જનારાઓની સંખ્યા વધુ રહેતાં આગામી દિવસમાં યુવાનોને માનસિક રીતે સજ્જ કરવાના પ્રયાસો નહીં થાય તો વધુ ને વધુ યુવા વર્ગ મનોરોગની ગરતામાં સરી પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

આજના આધુનિક સમયમાં શરીરમાં ઘર કરી જતા રોગોનો વ્યાપ વધ્યો છે અને અમુકની સારવાર છતાં રોગ કાયમને માટે ઘર કરી જતો હોવાથી લાંબા સમય સુધી સારવાર લેવી પડતી હોય છે. વર્તમાન કાળઝાળ મોંઘવારીનું આવરણ અને બેકારીમાં યુવા વર્ગ નાસીપાસ થઈ જઈ મનોરોગનો શિકાર બની રહ્યા છે. જિલ્લામાં શિક્ષણ મેળવ્યું હોવા છતાં હજારો યુવાનોને હજુ નોકરી મળી નથી. તો કેટલાક કિસ્સાઓમાં ઘરકંકાસ તથા આર્થિક સંકળામણને કારણે યુવાનો મનોમન હીનતાની લાગણી અનુભવી માનસિક રોગથી પીડાઈ રહ્યા છે. જિલ્લામાં માનસિક રોગની હોસ્પિટલોમાં સારવાર માટે આવતા દર્દીઓની સંખ્યામાં રોજ વધારો થતો જાય છે અને તેમાંય યુવા વર્ગની મોટી હાજરી સમાજ માટે લાલબત્તી સમાન બની રહી છે. જિલ્લામાં ચોંકાવનારી રીતે શાળામાં અભ્યાસ કરતા બાળકો પણ માનસિક અસ્વસ્થ બનવા લાગ્યા છે અને કુમળી વયે બાળકોને સાઈકીયાટેસ્ટની સારવાર લેવાની ફરજ પડયાના અનેક દાખલા મોજૂદ છે. જિલ્લામાં મનોરોગનો અજગરી ભરડો ફેલાયો હોય તેમ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વધુ ને વધુ યુવાનોની માનસિક હાલત ડામાડોળ થયા પછી યુવાનો મનોરોગી બનવા લાગ્યા છે. છેલ્લા કેટલાય વર્ષોથી છૂપી રીતે વિવિધ પ્રકારના માનસિક રોગો યુવાનોના માનસ પટ ઉપર હાવિ થઈ જતાં હોસ્પિટલોમાં માનસિક રોગની સારવાર લેનારાઆમાં યુવાનોની સૌથી મોટી સંખ્યા રહેતાં મનોરોગે ચિંતા જન્માવી છે. જિલ્લામાં ગંભીર ગણાતા એચ.આઈ.વી., એઈડ્સ, ટાઈફોઈડ, મેલેરીયા સહિતના રોગોથી પ્રજા અને યુવાનોને જાગૃત રાખવાના પ્રયાસો સમયાંતરે થતા હોય છે પરંતુ વિકરાળ સ્વરૂપ ધારણ કરવા જતા મનોરોગ વિશે કોઈ જ પ્રયાસો થયા ન હોવાથી યુવા વર્ગમાં માનસિક સજ્જતા કેળવાય તેવા પ્રયાસો જરૂરી બની રહ્યા છે.

### બાયડમાં નંબર વગરનાં ટ્રેક્ટર મારફતે લીલાં લાકડાંનો ગેરકાયદે કારોબાર

**પ્રાંત કચેરી-મામલતદાર-પોલીસનું સૂચક મૌન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડમાં બિરાજમાન ઉચ્ચ અધિકારીઓના નાક આગળથી નંબર વગરના ટ્રેક્ટરો મારફતે લીલાં લાકડાંનો ગેરકાયદે કારોબાર ફરી ધમધમી ઉઠ્યો છે. ભ્રષ્ટ વન અધિકારીની ટોળકીની નિગરાની હેઠળ વૃક્ષછેદન વધવાની સાથે વિરપ્પનો ટ્રેક્ટરો મારફતે અન્ય જિલ્લામાં લીલા લાકડાંની ગેરકાયદે હેરાફેરી કરતા હોવા છતાં કોઈ પગલાં ન ભરાતાં તાલુકાના પર્યાવરણ પ્રેમીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

બાયડ તાલુકામાં વૃક્ષછેદન પ્રવૃત્તિ બેફામ બની ગઈ છે. વન અધિકારીઓ હેડક્વાર્ટસ ઉપર હાજર રહેતા નથી અને હપ્તારાજમાં આળોટતા હોવાથી તાલુકામાંથી દરરોજના ૫૦ થી ૧૦૦ વૃક્ષોનું નિકંદન કાઢી લીલું લાકડું રાત્રે ટ્રેક્ટરો મારફતે સો મીલમાં ઠાલવવામાં આવી રહ્યું છે. રાત્રે ૮-૦૦ થી સવારના ૪-૦૦ ના સમય દરમ્યાન ગેરકાયદે લાકડાંની ટ્રેક્ટર મારફતે હેરાફેરી થઈ રહી છે. ૨૦ થી વધુ ટ્રેક્ટરો વૃક્ષછેદન-ગેરકાયદે હેરાફેરીમાં સામેલ હોવા છતાં તંત્ર પગલાં ભરતું ન હોવાના આક્ષેપ શરૂ થયા છે. બાયડ તાલુકા મથકે ઉચ્ચ અધિકારીઓની કચેરી આગળથી ગેરકાયદે લાકડાં ભરી પસાર થતા ટ્રેક્ટરો સામે કેમ કોઈ પગલાં ભરાતાં નથી..!! તેવા વેધક સવાલો થઈ રહ્યો છે.

# એમિક્રોનનો ઉછાળો, જિલ્લામાં જાન્યુઆરી ફેબ્રુઆરીમાં યોજાનારા લગ્નો ઉપર સંકટ મંડરાયું

## જિલ્લામાં ગમે તે ઘડીએ સંક્રમિત કેસ આવવાની દહેશત વધી

દેશમાં ઓમિક્રોનના કેસ નોંધાય છે. ગુજરાતમાં પણ કોરોના પોઝીટીવ કેસમાં ઉછાળો આવી રહ્યો છે. તે જોતાં જિલ્લામાં આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં યોજાનારા લગ્નો ઉપર અત્યારથી સંકટ મંડરાયું છે. આરોગ્ય વિભાગે સંભવિત ઓમિક્રોનના દર્દીઓને ધ્યાનમાં રાખીને બેડ અને ઑક્સિજન સહિતની જે વ્યવસ્થા ઉભી કરી છે તે જોતાં પ્રજાએ પણ સજાગ બનવાની જરૂર છે.

સમગ્ર વિશ્વમાં કોરોનાનું સંક્રમણ અંકુશમાં આવ્યા પછી પ્રજાએ અનો અન્ય દેશોની સરકારોએ રાહતનો દમ લીધો હતો પરંતુ દક્ષિણ આફ્રિકામાં કોરોનાના નવા વેરિયન્ટ જોવા મળ્યા પછી સમગ્ર વિશ્વમાં ચિંતા વધી હતી. ગુજરાતના સૌરાષ્ટ્રમાં પણ શંકાસ્પદ દર્દી જોવા મળતાં આરોગ્ય વિભાગ એલર્ટ મોડ ઉપર આવી ગયો છે. ઓમિક્રોનનો ઉછાળો સમગ્ર એશિયા સહિત ભારત દેશને પણ મુશ્કેલીમાં મુકી શકે તેવી વર્લ્ડ હેલ્થ ઓર્ગોનેઈઝેશને ચેતવણી આપી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ કાબૂમાં છે પરંતુ અંદરખાને સ્થિતિ કંઈક અલગ છે. ખાનગી ડોક્ટરોએ પ્રજાને સાવધ રહેવાની સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અને માસ્ક પહેરવા અનુરોધ કર્યો છે જે ઘણો સૂચક છે. આ બધી સ્થિતિમાં પૂર બહાર ખીલેલી લગ્નની સીઝનમાં એકાદ સંક્રમિત આવશે તો અનેક વિસ્તારોમાં હાહાકાર મચાવે તેવી દહેશત સેવાય છે. જિલ્લામાં અત્યારે કોરોના સંપૂર્ણ અંકુશમાં હોય તો પણ ઓમિક્રોનના પગપેસારાને રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ માટે અટકાવવો અત્યંત કઠિન છે અને તેના ઘાતક પરીણામો મહિનાના અંત પછી સામે આવે એ જોતાં આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં યોજાનારા લગ્નો ઉપર સંકટ મંડરાય તેવી પૂરેપૂરી દહેશત છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જરૂરીયાતમંદોને પ્લોટ ફાળવવામાં પંચાયતોના ઠાગાઠૈયા

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેટલીક ગ્રામ પંચાયતોની નિરસ કામગીરીથી અરજદારોની પ્લોટની માગણીઓ ટલ્લે ચડાવાતાં ગ્રામ્ય વિસ્તારોમાં ૩-૩ ભાઈઓનો બહોળો પરિવાર એક જ છત નીચે રહેવા મજબૂર બની રહ્યો છે. જેના કારણે અંગત દામ્પત્ય જીવન જોખમાવાની સાથે અનેક પરિવારોમાં છૂટાછેડાના કેસ વધી રહ્યાની ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. જિલ્લામાં જરૂરીયાતમંદોને પ્લોટ ફાળવવામાં ગણા લાંબા સમયથી રાજરમત રમાતી હોય તેમ પ્લોટ ન ફળવાતાં અસંખ્ય લોકો માટે ઘરનું ઘર સ્વપ્રા સમાન બની રહ્યું છે.

રાજ્ય સરકારે કાચા માટીના મકાનો પાકા બનાવી આપવાના આશયે તલાટીઓને કાચાં મકાનોનાં સર્વેની કામગીરી સમય અંતરે આપવામાં આવે છે પરંતુ ગ્રામ પંચાયતોના સત્તાધિશો તથા કેટલાંક તલાટીઓની ખોરી દાનતથી જરૂરીયાતમંદોને મકાનની સુવિધા તો દૂર પરંતુ મકાન બાંધવા પ્લોટ પણ મળી શક્યા નથી. જિલ્લામાં ગ્રામ પંચાયતોની મીટીંગોમાં પ્લોટ ફાળવણીના મુદ્દે રજૂઆત થવા છતાં કોઈ જ કામગીરી આજદિન સુધી થતી ન હોવાથી જરૂરીયાતમંદો વર્ષોથી પ્લોટ ફાળવણીની રાહ જોઈ રહ્યા છે. જિલ્લામાં સરકાર કાચા મકાનોને પાકા બનાવી આપવાની વાત દોહરાવાઈ રહી છે ત્યારે ગ્રામ પંચાયતો દ્વારા જરૂરીયાતમંદોને કેમ પ્લોટ ફાળવણીમાં વિલંબ થઈ રહ્યો છે તેનું કોઈ પૂછનાર જ ન હોય તેવી સ્થિતિથી પરિવારમાં સભ્યોની સંખ્યા બહોળી હોવા છતાં એક છત નીચે રહેવા જરૂરીયાતમંદ મજબૂર બની રહ્યા છે. જિલ્લા કલેક્ટર દ્વારા ગ્રામ પંચાયતોમાં પ્લોટની માગણીઓ સામે કેટલા લોકોને પ્લોટ ફળવાયા અને પ્લોટની માગણીઓ કેટલી પેન્ડીંગ છે તેની વિગતો મંગાવાય તો વર્ષોથી પંચાયતમાં દફતર નીચે દબાયેલી માગણીઓનું ચિક્કાર અચૂક સાંભળવા મળશે તેવું જણાઈ રહ્યું છે. ગ્રામ પંચાયતોમાં વોટ બેન્કને ધ્યાને રાખી પ્લોટ ફળવાતા હોવાના આક્ષેપો સાંભળવા મળી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો ગામતળમાં પ્લોટ ફાળવવા બાબતે અવરોધો હોવાના બહાના હેઠળ જરૂરીયાતમંદ લોકોની પ્લોટની માગણીઓ વર્ષોથી ટલ્લે ચડાવાઈ રહી છે. કિસ્સાઓમાં તો તલાટીઓ પંચાયતના સત્તાધિશોને ઉંધા ચશ્મા પહેરાવી પ્લોટ ફાળવી શકાય હોવા છતાં ફાળવણીની માગણીઓને દૂર ધકેલી રહ્યા છે. જિલ્લા કલેક્ટર વર્ષોથી મકાન બાંધવા માટે પ્લોટની ફાળવણી માટે રાહ જોઈ રહ્યા છે પ્લોટ ફાળવણીની કામગીરી ઝડપી બનાવવા માટે પંચાયતોને ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થયા પછી આદેશ કરે તે જરૂરી બની રહ્યું છે.